# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-07-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજસ્થાનના જોધપુરમાં 480 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલુ અત્યાધુનિક એરપોર્ટ ટર્મિનલનું ઉદઘાટન કર્યું.
2. પ્રધાનમંત્રી અમદાવાદના સાણંદ ખાતે અત્યાધુનિક સેમિકન્ડક્ટર પેકેજિંગ સુવિધા દેશને સમર્પિત કરશે.
3. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે વિશ્વાસ વ્યક્ત કર્યો કે અમદાવાદ - મુંબઈ હાઇ સ્પીડ રેલ કોરિડોર વર્ષ 2029ના અંત સુધીમાં પૂર્ણ થઈ જશે.
4. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ હેઠળ પાકિસ્તાનમાં રહેતા 23ને આતંકવાદી જાહેર કર્યા.
5. ભારત અને ઇઝરાયલ વચ્ચે દ્વિપક્ષીય રોકાણ કરાર-BIA આજથી અમલમાં આવ્યો.
6. કોલંબિયાએ ઘાનાને 1-0 થી હરાવીને ફિફા વિશ્વ કપમાં પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું હવે સ્વિટ્ઝર્લેન્ડ સામે ટકરાશે.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM - JODHPUR AIRPORT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાજસ્થાનમાં જોધપુર એરપોર્ટના નવા ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રોજેક્ટ કુલ 480 કરોડ રૂપિયાના ખર્ચે વિકસાવવામાં આવ્યો છે. 23 હજાર ચોરસ મીટરથી વધુ વિસ્તારમાં ફેલાયેલો, નવો ટર્મિનલ બિલ્ડિંગ વાર્ષિક 20 લાખ મુસાફરોની અવરજવર માટે ડિઝાઇન કરવામાં આવ્યો છે. આધુનિક સુવિધાઓથી સજ્જ એવુ આ ટર્મિનલ રાજસ્થાનના શાહી વારસાની ડિઝાઇન સાથે તૈયાર કરાયું છે. જોધપુર એરપોર્ટ પર નવા ટર્મિનલ બિલ્ડિંગના ઉદ્ઘાટનથી આ વિસ્તારમાં પર્યટન, વેપાર અને રોજગાર સર્જનને નોંધપાત્ર પ્રોત્સાહન આપશે.

પ્રાદેશિક જોડાણ પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરીને, ઉડ્ડયન ક્ષેત્રને પ્રાત્સાહિત કરતી ઉડાન યોજના પણ શ્રી મોદીએ જોધપુરમાં શરૂ કરી.

# PM - SANAND

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગુજરાતમાં અમદાવાદના સાણંદ ખાતે CG સેમી આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી અને ટેસ્ટ સુવિધાનું ઉદ્ઘાટન કરશે. આ પ્રોજેક્ટ ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન હેઠળ મંજૂર કરાયેલા પ્રથમ ચાર પ્રોજેક્ટ પૈકીનો એક છે કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહેશે. સાંભળીએ અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટનો અહેવાલ..

(VC – APARNA KHUNT)

# GUJ-ASHWINI VAISHNAW

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે વિશ્વાસ વ્યક્ત કર્યો કે અમદાવાદ અને મુંબઈને જોડતો સમગ્ર હાઇ સ્પીડ રેલ કોરિડોર વર્ષ 2029ના અંત સુધીમાં પૂર્ણ થઈ જશે. રાજ્યમાં ચાલી રહેલા વિવિધ રેલવે પ્રોજેક્ટની સમીક્ષા બાદ અમદાવાદમાં મીડિયા સાથે વાત કરતાં તેમણે કહ્યું, મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું નિર્માણકાર્ય ઝડપથી આગળ વધી રહ્યું છે, જેમાં ગુજરાતમાં 80 ટકા કામ પૂર્ણ થઈ ગયું છે. તેમણે ઉમેર્યું હતું કે સુરતથી બીલીમોરાને જોડતો પ્રથમ ઓપરેશનલ સેક્શન આવતા વર્ષે કાર્યરત થશે.

## (BYTE: ASHWINI VAISHNAW)

શ્રી વૈષ્ણવે અમદાવાદ બુલેટ ટ્રેન સ્ટેશન પર એન્જિનિયરો અને બાંધકામ ટીમો સાથે પણ વાતચીત કરી. અમદાવાદની તેમની એક દિવસીય મુલાકાત દરમિયાન, શ્રી વૈષ્ણવે શહેરમાં મુખ્ય રેલવે માળખાગત સુવિધાઓ અને વિકાસ પહેલોની પણ સમીક્ષા કરી. શ્રી વૈષ્ણવે જાહેરાત કરી કે આગામી નવરાત્રિ ઉત્સવ પહેલા ઓમનગર અંડરપાસ પૂર્ણ કરાશે. મંત્રીએ અમદાવાદ રેલવે સ્ટેશનના પુનઃવિકાસની પ્રગતિની પણ સમીક્ષા કરી અને અસારવા રેલવે સ્ટેશનના પુનઃવિકાસ માટેના માસ્ટર પ્લાન પર ચર્ચા કરી.

# VP-PM VIVEKANAND

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વામી વિવેકાનંદને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી. સોશિયલ મીડિયા સંદેશમાં  શ્રી રાધાકૃષ્ણને સ્વામી વિવેકાનંદને એક મહાન દેશભક્ત અને દાર્શનિક ગણાવ્યા. તેમણે આશા વ્યક્ત કરી કે સ્વામી વિવેકાનંદના આદર્શો દરેકને સમર્પણ સાથે સેવા કરવા, ચારિત્ર્યના ઉચ્ચતમ ધોરણો જાળવવા અને રાષ્ટ્રનિર્માણમાં અડગ રહેવા માટે પ્રેરણા આપશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારતની સંસ્કૃતિ, આધ્યાત્મિકતા અને રાષ્ટ્રીય ચેતનાને વૈશ્વિક સ્તરે ઓળખ અપાવવામાં સ્વામી વિવેકાનંદનું યોગદાન અજોડ છે. તેમણે કહ્યું કે સ્વામી વિવેકાનંદનું જ્ઞાન અને પ્રેરણાદાયી વિચારો લાખો યુવાનોને માર્ગદર્શન આપતા રહેશે, અને તેમના આધ્યાત્મિક ઉપદેશો વિકસિત ભારતના વિઝનને સાકાર કરવામાં દેશને નવી દિશા પ્રદાન કરશે.

# REV. HOME MINISTRY - TERRORIST

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ - UAPA હેઠળ પાકિસ્તાનમાં રહેતા 23 વ્યક્તિઓને આતંકવાદી જાહેર કર્યા છે. આ તમામ જૈશ-એ-મોહમ્મદ, લશ્કર-એ-તૈયબા અને અન્ય સંગઠનો સાથે સંકળાયેલા હતા. જમ્મુ અને કાશ્મીરમાં ઘૂસણખોરી, આતંકવાદીઓની ભરતી, શસ્ત્રોનો પુરવઠો અને હુમલાઓનું આયોજન સહિત વિવિધ પ્રવૃત્તિઓમાં સંડોવણી બદલ આ તમામને આતંકવાદી જાહેર કરવામાં આવ્યા હતા. હવે રાષ્ટ્રીય તપાસ એજન્સી સહિતની એજન્સીઓને તેમના નાણાંકીય ભંડોળને અટકાવવાની, શસ્ત્રોના વેચાણ પર પ્રતિબંધ લાદવાની અને તેમની સંપત્તિ જપ્ત કરવાની મંજૂરી મળશે.

UAPA સુધારાએ કેન્દ્ર સરકાર અને તપાસ એજન્સીઓની સત્તાઓનો વિસ્તાર કરીને ભારતના આતંકવાદ વિરોધી કાનૂની માળખાને મજબૂત બનાવ્યું છે. તેને 14 ઓગસ્ટ 2019 ના રોજ સૂચિત કરવામાં આવ્યું હતું. સુધારામાં કેન્દ્ર સરકારને કાયદા હેઠળ ફક્ત સંગઠનોને જ નહીં પરંતુ વ્યક્તિઓને પણ આતંકવાદી જાહેર કરવાની સત્તા અપાઆ ઇ છે. સુધારો અમલમાં આવ્યો ત્યારથી, સરકારે 80 વ્યક્તિઓને આતંકવાદી જાહેર કર્યા છે

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# AYODHYA TEMPLE TRUST MEET

શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે સોમવારે તેના સભ્યોની બેઠક બોલાવી છે, જેમાં ટ્રસ્ટ દ્વારા પ્રાપ્ત દાનની ગણતરીની તપાસ કરી રહેલી સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (SIT) ના તારણો સહિત અનેક મહત્વપૂર્ણ વહીવટી અને નાણાકીય બાબતો પર ચર્ચા કરવામાં આવશે. 28 જૂન, 2026 ના રોજ જારી કરાયેલી સત્તાવાર સૂચના અનુસાર, ટ્રસ્ટના અધ્યક્ષની મંજૂરીથી ખજાનચી સ્વામી ગોવિંદ દેવ ગિરી દ્વારા આ બેઠક બોલાવવામાં આવી છે.

કાર્યસૂચિમાં મહાસચિવ ચંપત રાય અને ટ્રસ્ટી ડૉ. અનિલ મિશ્રા દ્વારા સુપરત કરાયેલા રાજીનામા પત્રોની વિચારણાનો સમાવેશ થાય છે. આ બેઠકમાં રામ મંદિરના ભાવિ સંચાલન સંબંધિત વ્યવસ્થાઓ પર વધુ ચર્ચા કરવામાં આવશે.

# VP – HM COOPERATIVE DAY

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે આંતરરાષ્ટ્રીય સહકારી દિવસ નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી. સોશિયલ મીડિયા સંદેશમાં ઉપરાષ્ટ્રપતિએ "સહકાર સે સમૃદ્ધિ" ના સંકલ્પનો પુનરોચ્ચાર કર્યો અને ભારતના વિકાસ અને આત્મનિર્ભરતામાં સહકારી ચળવળોના મહત્વ પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે સહકારી સંસ્થાઓ રાષ્ટ્ર નિર્માણનો એક મહત્વપૂર્ણ સ્તંભ બની ગઈ છે.

શ્રી શાહે કહ્યું કે સહકારી સંસ્થાઓ ભારતની સંસ્કૃતિ, સામૂહિક શક્તિ અને આત્મનિર્ભરતાનો પાયો છે. તેમણે ઉમેર્યું કે પ્રધાનમંત્રીના નેતૃત્વમાં, સહકારી ક્ષેત્રે નવી ગતિ મેળવી છે અને નોંધપાત્ર રીતે વિસ્તરણ કર્યું છે.

# INDIA –ISRAEL BIA

ભારત અને ઇઝરાયલ વચ્ચે દ્વિપક્ષીય રોકાણ કરાર-BIA આજથી અમલમાં આવ્યો છે. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં નવી દિલ્હીમાં આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે આ કરાર દ્વિપક્ષીય આર્થિક સંબંધોને મજબૂત બનાવવા અને સલામત અને અનુમાનિત રોકાણ વાતાવરણ સુનિશ્ચિત કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. મંત્રાલયે જણાવ્યું હતું કે આ કરાર રોકાણકારોના રોકાણોનું રક્ષણ કરવામાં મજબૂત છે, જ્યારે કાયદેસર જાહેર નીતિ ઉદ્દેશ્યો અનુસાર સાર્વભૌમ નીતિ સ્વતંત્રતા જાળવવા માટે પૂરતો સરળ પણ છે.

BIA આંતરરાષ્ટ્રીય રોકાણ કાયદાના આધુનિક સિદ્ધાંતો અને વિકસિત ન્યાયશાસ્ત્રને પણ પ્રતિબિંબિત કરે છે. મંત્રાલયે જણાવ્યું હતું કે BIA સરહદ પાર રોકાણ પ્રવૃત્તિમાં વધારો કરશે અને ભારત અને ઇઝરાયલ વચ્ચે આર્થિક ભાગીદારીને વધુ મજબૂત બનાવશે તેવી સંભાવના છે.

# FIFA WORLD CUP

કોલંબિયાએ અમેરિકાના કેન્સાસ સિટી સ્ટેડિયમ ખાતે ૩૨માં રાઉન્ડની અંતિમ મેચમાં ઘાનાને 1-0 થી હરાવીને ફિફા વિશ્વ કપમાં પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું. કોલંબિયા હવે 16માં રાઉન્ડમાં  સ્વિટ્ઝર્લેન્ડ સામે ટકરાશે.

અગાઉ, ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાએ કાબો વર્ડેને 3-2 થી હરાવીને ઇજિપ્ત સામે રાઉન્ડ ઓફ 16 માં પ્રવેશ કર્યો. લિયોનેલ મેસીએ 29 મી મિનિટે આર્જેન્ટિનાને લીડ અપાવતા ટુર્નામેન્ટનો પોતાનો સાતમો અને વિશ્વકપમાં તેના કારકિર્દીનો 20મો ગોલ કર્યો.

અન્ય મેચમાં, ઇજિપ્તે પેનલ્ટી શૂટઆઉટમાં ઓસ્ટ્રેલિયાને 4-2 થી હરાવીને રાઉન્ડ ઓફ 16 માં પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું.

# IRAN – KHAMENEI FUNERAL

ઈરાનમાં ભૂતપૂર્વ સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ સૈયદ અલી ખામેનીના છ દિવસીય અંતિમ સંસ્કારની વિધિ આજથી તહેરાનમાં શરૂ થશે. આ માટે વ્યાપક સુરક્ષા અને પરિવહન વ્યવસ્થા કરવામાં આવી છે.

તેહરાનના ગ્રાન્ડ મોસ્સલ્લા ખાતે ઇરાની નેતાઓ, લશ્કરી કમાન્ડરો અને વિદેશી મહાનુભાવોએ ખામેનીને શ્રદ્ધાંજલિ આપી. ભારતનું પ્રતિનિધિત્વ બિહારના રાજ્યપાલ લેફ્ટનન્ટ જનરલ સૈયદ અતા હસનૈન અને વિદેશ રાજ્યમંત્રી પાબિત્રા માર્ગેરિતાએ કર્યું હતું. સોશિયલ મીડિયા સંદેશમાં માર્ગેરિતાએ કહ્યું કે તેમણે ભારત સરકાર અને લોકો વતી સંવેદના વ્યક્ત કરી છે.

ખામેનીનું 28 ફેબ્રુઆરીના રોજ ઇઝરાયલી અને અમેરિકાના હવાઈ હુમલામાં નિધન થયું હતું. અંતિમ સંસ્કારની વિધિ 9મી જુલાઇએ મશહદમાં તેમના દફનવિધિ સાથે સમાપ્ત થશે. ત્યારબાદ 40 દિવસનો જાહેર શોક રહેશે.